સાલ : ૧૨ / સિલસિલાવાર નંબર : ૧૨૫ / શુમારો : ૫

ફુલ પાના - ૧૪

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

રમઝાનુલ મોઅઝ્ઝમ-શવ્વાલુલ મુકર્રમ ૧૪૩૬ / જૂન-જૂલાઇ ૨૦૧૫

## હર ચીઝને ફના છે, પણ ખુદાના વજહ બાકી છે.

આ આલમની બકા અને દુનિયાની ઝિંદગીમાં ઠહેરાવ ખુદાના દીનથી છે અને તે દીનના રઈસ-સરદાર દાઈની હસ્તી, મૌજૂદગી અને હિદાયત પર છે. દાઈનું હોવું આ દુનિયાના લોગો વાસ્તે અઝીમ નેઅમત છે. એનું અછત થાવું એક મોટી મુસીબત અને સખ્ત બલા છે. પોતાના દીનથી ખુદાતઆલા આ આલમ-દુનિયાના કારોબારને ચલાવવા વાસ્તે એક સાહેબને હમેશા કાઈમ રાખે છે કે, જે ખુદા બાકી રહેનારો છે, તો આ દુનિયામાં એના દાઈથી એની ઝિક્ર પણ બાકી રહેવી જોઈએ.

ખાલિકને બકા છે અને મખ્લૂકને ફના છે. પણ જો મખ્લૂક એવા અમલ કરે કે જેમાં ખાલિકે મોકલેલા દાઈની પૈરવી શામિલ હોય અને પોતાના ખાલિકના જલવા અને કુદરતને દાઈમાં જોઈ અને દાઈ એનાથી રઝામંદ થાય તો એ મખ્લૂકની ઝિક્ર દાઈની હઝરતમાં હમેશા બાકી રહે છે. દાઅવતે હાદીયહ અલવીયહના રૂહાની મરતબાઓમાં નબી-નાતિકથી લઈને ઈમામના નાઈબ-દાઈ તક હર રૂત્બાના સાહેબ ઈન્સાની કાલિબમાં યહાઁ પધારેલા છે. જેમ ખુદાતઆલા ફરમાવે છે કે, **"હર નફસને મૌતનો મઝા ચાખવાનો છે"**, તેમ હર જિસ્મને પોતાનામાં રહેલી નફસનો સથવારો છોડવાનો છે. આ હકીકતથી કોઈ બરી નથી. ખુદાનો પૈગામ લઈને આવેલા નબીયો પણ જેમ એક આમ શખ્સ ગુઝરે છે તેમ આ દુનિયાથી ગુઝરા છે.

જિસ્મ દુનિયાના માદ્દાથી બનેલું હોય છે, જે મૌત આવવાના સબબ માટીના માદ્દામાં મિલી જાય છે. જ્યાંથી જિસ્મનો વુજૂદ થયેલો ત્યાં પાછું જઈને મિલી જાય છે. આ કૈફીયત હર શખ્સ વાસ્તે બને છે. મગર સાહેબે હક્કની નફસ આમ ઈન્સાનની નફસ મુજબ હોતી નથી. આમ નફસ જે વક્ત તેના જિસ્મને છોડે છે તો તે તન્હા હોય છે અને પોતાના ઈમામ અને મૌલા તરફ ચઢે છે. મગર સાહેબે હક્કની નફસે બા-તહારત જે વક્ત ઈન્તેકાલ ના સબબ નાસૂત મુબારક-જિસ્મને છોડીને મલએ આઅલા, આલમે કુદસ અને ઝુમ્રએ ઊકૂલમાં દાખિલ થાય છે તો તે નફસે બા-કમાલ તન્હા હોતી નથી મગર તે નફસ સાથે દાઈએ હક્કના ઝમાનમાં આપના જેટલા મુમેનીન-મોઅતકેદીન આપની દાઅવતે શરીફહને લબ્બૈક કહીને આપના દરજએ મુનવ્વરહની માઅરેફત કરીને, હરમે આમિન અને હઝીરએ ઈમાનમાં દાખિલ થયા હોય તેઓની નફસો પોતાના આઅમાલને સાથે રાખીને દાઈએ હક્ક સાથે રૂહાની આલમમાં મકામ હાસિલ કરવા જોડાઈ જાય છે. આપ દાઈએ હક્કની માઅરેફત, **દાઈએ હક્કની નફસે મુબારકહ મુમેનીન-મુખ્લેસીનની નફસને પાકીઝા અને લતીફ બનાવે છે**, જેથી તે નબી તકના દરજાની જન્નતની નેઅમતોંથી બોહરાવર થઈ શકે.

દૌરૂસ્સતરના તમામ દોઆતે અલવીયીન (આ.કુ.), અઈમ્મતે હક્ક (અ.સ.) ના એજાઝાતના મઝહર છે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના નૂરના ટુકડા છે અને અંબિયાએ કિરામની સીરતો સૂરતની બોલતી તસ્વીર છે. ૯૦૪ સાલથી યાઅની ૫૩૨ હિ. ૨૨ મી શાઅબાનુલ કરીમથી હુઝ્જતે તૈયેબીયહ મૌલાતોના હુર્રતુલ મલેકહ (રિ.અ.) ની રહેલત બાદ આ ઈત્લાકની મસ્નદે તૈયેબીની લુગામ નાઈબે ઈમામિલ મુત્તકીન તરીકે દોઆતે મુત્લકીન સંભાલી રહ્યા છે. જે સિલસિલાના અવ્વલ સૈ. ઝોએબ બિન સૈ. મૂસા (આ.કુ.) છે અને ૪૪ માં મૌલાનલ મુકદસ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) છે. **દોઆતે હક્કનો આ સિલસિલો મુમેનીન વાસ્તે હબ્લુલ્લાહિલ મતીન છે, સિરાતે મુસ્તકીમ છે, હિદાયતનો દીવો છે અને નજાતની કિશ્તી છે.** આ પાક મસ્નદ કોઈ વક્ત દાઈથી ખાલી રહી નથી. એક દાઈ ગુઝરતા નથી મગર એની જગા પર બીજા દાઈને મુકર્રર કરી જાય છે જે એના હમરાઝ, હમશાન અને હમદમ હોય છે.

(બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**જે શખ્સ ઈલ્મને તલબ કરશે તો તેના રિઝકની ઝમાનત ખુદાતઆલા લેશે.**

(પેજ નં. ૧ નું બાકી)

૪૨ સાલ ૧૮ દિન તક મસ્નદે તૈયેબીને ઝીનત બખ્શનાર, દાઅવતે શરીફહના ઈઝ્ઝો વકારને ફરશ પરથી અરશ પર લઈ જાનાર, મુમેનીનની ઈલ્મી, અમલી, દીની, સમાજી અને માલી તરક્કી અને ફલાહો બહેબૂદી વાસ્તે હર વક્ત દોઆ કરનાર, જમાઅતને હર બિદઅત અને ફિત્નાથી મહેફૂઝ રાખનાર, મુખ્લેસીનની ઝિંદગીના ઝાહિરી-બાતિની ઊમૂરને ઉસ્તવાર કરનાર, મુમેનીનની દીની વિલાદત કરીને ઈમાનના દરજામાં ચઢાવનાર, અલ્લાહતઆલાના દીનની હર ચીઝની બારીકી સમઝાવનાર, આખેરતની ઝિંદગીનો શૌક અપાવનાર ૪૪ માં દાઈયુલ મુત્લક હમારા શરીફો શફીક, હલીમો કરીમ બાવાજી સાહેબ સૈયેદના વ મૌલાના અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) નો સાયએ હાનીન, ઝિલ્લે ઝલીલ જમાઅતે અલવીયહ નાજીયહના સર પરથી ઉઠી ગયો.

૫ શાઅબાનુલ કરીમ ૧૪૩૬ - ૨૩/૫/૨૦૧૫, શનિવારના દિન આપ મુકદ્દસ મૌલા આલમુત્તબીઅતથી ઈન્તેકાલ કરીને આલમુલ્લતાફતમાં તશરીફ લઈ ગયા. મુમેનીન વાસ્તે નજાતનો સામાન તૈયાર કરી ગયા. પોતાના રૂહાની બાવાજીની ફિરાકના ગમના દરિયામાં મુમેનીન ડૂબી ગયા. નૌહા અને માતમની પુકાર સાથે મુમેનીને આપ મૌલાને વદાઅ કીધા. આપની ફરિશ્તાઈ સૂરતના દીદાર કરીને મુમેનીન-મુમેનાતની આઁખોં નૂરાનીદાર થઈ ગઈ. જમાઅતના હર જવાને આપ મૌલાનો હક્કે અકીદત અદા કરી, આપના જનાઝહ મુબારકહને કાંધો દઈ મૌ. અબ્બાસ અલમદાર (અ.સ.) ના બાઝૂ જેવી કૂવત હાસિલ કરી લીધી.

આપના મન્સૂસ ૪૫ માં દાઈયુલ મુત્લક હાતિમુલ ખૈરાત, રબીઉલ બરકાત અબુ સઈદિલ ખૈર સૈ. વ મૌ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) એ શાનાતે તૈયેબીયહ અને ફુયૂઝાતે હાતિમીયહ સાથે આપ મૌલાની ગુસ્લો કફન, સલાતુલ જનાઝહ અને તદફીનની તમામ રૂસુમાત અદા ફરમાવી. સલાતુલ જનાઝહ પહેલા મસ્જિદે નૂરાનીમાં સૈયેદના સાહેબે ફરમાવું કે, "રસૂલુલ્લાહ બાવાજીએ ગદીરે ખુમ્મમાં એમ ફરમાવું હતું કે, " **જેનો હું મૌલા હતો હવેથી અલી એના મૌલા છે.** " મુકદ્દસ મૌલાએ પણ આ જ કલામ આ મમ્લૂકે આલે મોહંમદ વાસ્તે બેશુમાર વક્ત ફરમાવા છે કે, "હું તમારો ૪૪ માં દાઈયુલ મુત્લક છું, તમારો હાદી અને ખૈરખ્વાહ છું, તેમ આ મારા મોટા ફરઝંદ હાતિમ ઝકીયુદ્દીન મારા જાનશીન છે, મારા બાદ આવનાર તમારા ૪૫ માં દાઈયુલ મુત્લક છે." અય મુમેનીન, જેમ તમેં બાવાજી સાહેબની ઈતાઅત કરતા હતા તેમ તમેં મારી ઈતાઅતને લઈ ઉઠજો. તમેં મારા ચહેરામાં બાવાજી સાહેબનો ચહેરો જોજો. **મારા સર પર ૪૪ દોઆતે મુત્લકીનનો સાયો છે.** અહલુલ બૈત (અ.સ.) નું ઈલ્મ અને નૂર આ દાઈમાં ઉતરે છે. મારા હર કલામમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની તાઈદ છે. મારી તસ્લીમ, તકરીમ અને કદમબોસીમાં પંજતને પાક (અ.સ.) ની તાઅઝીમ છે."

મઝારે યૂસુફીમાં ૪૩ માં નૂરના પડોશપણ-જિવારમાં, ઈમામી સૂરજની રોશનીના સાયામાં, ૪૫ માં ચાંદે ૪૪ માં ચાંદને સિપુર્દે ખાક કીધા યાઅની આગૌશે અલીમાં, અબુ તુરાબમાં સુકૂનફરમાઁ થઈ ગયા. દૌરે તૈયેબીના ચાંદની મંઝિલો ઈખ્તેતામ થઈ અને હિલાલે નૌ, દૌરે હાતિમીના નવા ચાંદની મંઝિલો ઈબ્તેદા થઈ. આપ મુકદ્દસ મૌલાનો આ બેમિસાલ દૌર, તાઅલીમી દૌર, તાઅમીરી દૌર અને તન્ઝીમી દૌર તરીકે તારીખમાં શનાખ્ત થાશે. મદ્રસાના નિઝામ હોય, નવી મસાજિદને આબાદ કરવી હોય, મીસાકની એહમીયતને ઉજાગર કરવી હોય, નિકાહની રૂસૂમાતમાં જવાનોંને હિદાયત આપવાનો સરંજામ કરવો હોય, દોઆતે કિરામ (રિ.અ.) ની અકીદતમંદી વાસ્તે મુમેનીનમાં નવી રૂહ ફૂંકવી હોય, મુમેનાતની મજલિસોને તરતીબ આપવી હોય, દુનિયાવી તાઅલીમ વાસ્તે ફરઝંદો-દુખ્તરોને રગબત આપવી હોય, વેપાર-રોઝગાર વાસ્તે સહી રાહ બતાવવી હોય, દીની તાઅલીમ વાસ્તે કિતાબોની ઈશાઅત હોય, મુખ્તલિફ અંજુમનોંને જમાઅતની અલગ-અલગ ખિદમતોં વાસ્તે તૈયાર કરવી હોય, દીકરા-દીકરીની નિસ્બત વાસ્તે સુહૂલત કાઈમ કરવી હોય, તે આપ મુકદ્દસ મૌલાના પુરજલાલ દૌરની ખાસીયત હતી, જે તદબીરાતથી મુમેનીન સાલોં તક ફાયદો હાસિલ કરા કરશે.

સૈયેદના સાહેબ ફરમાવે છે કે, "બાવાજી સાહેબની કમી અને ખોટ હમને હર વકત મહેસૂસ થાશે. આપે જમાઅતે અલવીયહની જે ઈલ્મી-અમલી તરક્કીનું સપનું અને તસ્વીર જોઈ હતી તે વાસ્તે હમેં ઝરૂર કોશિશ કરતા રહીશું.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**જે શખ્સ પોતાના ભાઈના ઐબ પર પડદો કરશે તો ખુદાતઆલા દુનિયા-આખેરતમાં એના ઐબ પર પડદો કરશે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✻ ઉભી તરકીબ :**

૧) રાહથી રહે થાય છે તો શાહથી ______ થાય છે. (૨)

૨) અલ્લાહતઆલા ફરમાવે છે કે, મેં મારી ______ ને કુશાદા બનાવેલી છે તો તમેં તેમાં નમાઝ પઢો. (૩)

૩) જેમ હર મુસલમાન, મુમિન હોતો નથી તેમ હર નબી ______ હોતા નથી. (૩)

૭) નમાઝ વાસ્તે અઝાનની સદા, આ દુનિયામાં ______ ને વાસ્તે રહેશે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✻ આડી તરકીબ :**

૨) પહેલા ઈમામ મૌ. હસન (અ.સ.) ______ થી શહીદ થયા છે. (૩)

૪) ઈમાનમાં ______ આવવાથી, અમલ પણ કમ્ઝોર બની જાય છે. (૨)

૫) મૌ. ઈસ્રાફીલ (અ.સ.) કેયામતના દિન ______ ફૂંકશે. (૨)

૬) આલ, ઝુર્રીયત. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | મૂ | | |
| | હિ | સા | બ | |
| વ | લા | ╳ | હા | થ |
| | લ | કી | ર | |
| | | નો | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✩

## તખ્તે તૈયેબી પર નૂરે હાતિમી

અલ્લાહતઆલાએ નૂરે તૈયેબીની બરકાતને નૂરે હાતિમીની બાજમાલ અને પુરનૂર સૂરતમાં તખ્તે અલવી પર જલ્વાનુમા કીધું. જેનો મુશાહેદો અને નઝારો હઝારો મુમેનીને નૂરાની મસ્જિદમાં ૨૦ શાઅબાનુલ કરીમ ૧૪૩૬ ના યૌમે બાસઆદતના મીકાત પર કીધો. ૪૫ માં દાઈયુલ મુત્લક સૈયેદના અબુ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહબ (ત.ઉ.શ.) હાતિમી અન્વાર અને બરકતોંની બહાર સાથે તખ્તનશીન થયા, અર્શે દાઅવતે હક્ક પર જલ્વાફિગન થયા, મસ્નદે ફાતિમી પર ઝીનત અફરોઝ થયા અને આપ મૌલાના દસ્તે મુબારક પર મુખ્લેસીનની જમાઅતે બયઅત અરઝ કરીને આ દૌરે હાતિમીના દાએરએ ઈમાનમાં દાખિલ થયા. આપ મૌલાએ સુન્નતુલ્લાહને જારી કરવાના સાથે મુમેનીનના દિલોંમાં ઈમામુઝઝમાન (અ.સ.) ના નુક્તતુન્નૂરને દાખિલ ફરમાવ્યું. બયઅતે અલવીયહના સબબ મુમેનીનના દિલો ઝમીરે શિફા હાસિલ કીધી.

આપ મૌલાએ આપના કલામે મુનીરમાં ફરમાવ્યું કે, "હવે જમાઅતમાં ઈત્તેફાક-ઈત્તેહાદનો દૌર શુરૂ થાય છે. હું એક બાગબાન છું અને મારી કોશિશ રહેશે કે મારા આ ચમનમાં બહાર કાઈમ રહે. બાવાજી સાહેબ (આ.કુ.) એ મને ખૈરો ખૂબીથી તરબીયત આપીને આ મકામ પર પહોંચાવો છે અને આ હકક્કની જમાઅતને સંભાલવાની અઝીમ ઝિમ્મેદારી મને સિપુર્દ કીધી છે."

અલ્લાહતઆલા આકા મૌલાને તખ્તનશીની મુબારક કરે અને મુમેનીન આપના સાયેએ હિદાયતમાં હર વક્ત કામિયાબીની રાહ તય કરતા રહે. આમીન. ✩

---

(પેજ નં. ૨ નું બાકી)

આપની હિદાયત પર મુમેનીનને ચલાવા કરીશું અને હમારામાં હમારા મૌલાની જે ઉમ્મીદ હતી તે ઉમ્મીદને બર લાવવા હમેં હર પલ કમરબસ્તા રહીશું. અલ્લાહતઆલા બાવાજી સાહેબની ફિરાકીમાં મુમેનીનને સબર આપે. હમને નુસરત કરે. હમને યારી દે કે, હમેં હમારી હર ઝિમ્મેદારીમાં કામિયાબો કામરાન થઈએ." આમીન યા રબ્બુલ આલમીન. ✩

**બીજાના ઐબને જોઈને ખુદના ઐબને નઝરઅંદાઝ કરનાર મોટામાં મોટો ઐબદાર શખ્સ છે.**

## ફરિશ્તાઓની મસહ

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, "અલ્લાહતઆલાએ હર ચીઝને જોડકામાં પૈદા કીધેલી છે. પોતે જો ખાલિક એક હોય તો તેની મખ્લૂક બે-બે ના જોડકામાં હોવી જ જોઈએ." આ જ તરીકા પર અલ્લાહતઆલાએ નમાઝને એકલી નથી છોડી. **નમાઝને ઝકાત સાથે જોડી દેવામાં આવી છે.** આ બેવે ચીઝની મકબૂલીયત દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની રઝા અને દોઆ સાથે તઅલ્લુક રાખે છે.

આપ નબી સાહેબ ફરમાવે છે કે, "જે વક્ત અલ્લાહતઆલા કોઈ બંદા સાથે ખૈરનો ઈરાદો કરે છે, તો જન્નતના ખઝાનચીઓ અને પહેરેગીરો માંથી એક ફરિશ્તાને એની તરફ મોકલે છે. અલ્લાહના હુકમથી તે ફરિશ્તા બંદાના સીના પર મસહ કરે છે યાઅની છાતી પર હાથ ફિરાવે છે તો તે બંદાનું નફ્સ-જાન હક્કના સાહેબને ઝકાત આપવાથી સખી થાય છે." ઝકાત વાસ્તે આ કેટલી મોટી બિના છે કે, જો મુમિન આના મકસદને અને એમાં છુપેલી માઅનાને સમઝી જાય તો કોઈ વક્ત ઝકાત અદા કરવામાં ખયાનત નહીં કરે. જો કોઈ એમ ચાહે કે ફરિશ્તા એના સીનાને મસહ કરે અને તેનાથી બરકત હાસિલ કરે તો તે બંદા પર લાઝિમ છે કે, પોતાના દાઈના નઝદીક જાય અને જે કઈ એ વેપારમાં કમાયો હોય, માલી ફાયદો થયો હોય, એ ફાયદાની ઝકાત અદા કરીને આખેરતમાં હમેશાનો સવાબ મિલે તેનો ઉમ્મીદવાર થાય. ✫

## મુનાજાત

અય ગાફેરૂઝ્ઝોનૂબ યે ખતાવાર આએ હૈં,
હાઁ, બહરે મગફેરત યે ગુનાહગાર આએ હૈં.
માહે સિયામ માહે રિયાઝત હે આશ્કાર,
આઅમાલે ખૈર કુછ લિયે અખ્યાર આએ હૈં.
ઈસ્લામ કા મહીના હે ઈમાઁ સે સાઝવાર,
કુરઆઁ કા વાસ્તા લિયે અબ્રાર આએ હૈં.
સાતોં સિતૂન પર હો અમલ જો હયાત મેં,
યે આરઝૂ લિયે જો તલબગાર આએ હૈં.
દામન દુરે મુરાદ સે ભર દે અય કિર્દગાર,
ફયલાએ હાથ હમ તેરે દરબાર આએ હૈં.
બહરે અલીયો અહમદે મુરસલ ઈમામે હક્ક,
દાઈલ હોદા કે મુમિનોં દીદાર આએ હૈં.
અય રબ હો અદા ફર્ઝ હમારે ઈસ માહ કે,
હમ ઉસસે હોકે મુઝ્તરો બેઝાર આએ હૈં.
બરકત અતા હો રોઝી મેં, તંગી હો દૂર સબ,
હાસિલ શિફા હો ઉન્કો જો બીમાર આએ હૈં.
નેઅમત અતા હો દોનોં જહાઁ કી હમેં નસીબ,
જન્નત કી ભી તલબ લીએ હકદાર આએ હૈં.
રાગિબ દોઆ હે તૂલ હો ઉમ્રે ઝકીયુદ્દીં,
બનકે ગુલામ આપકે ગમખ્વાર આએ હૈં. ✫

## કસીદએ તૈયેબીયહ

કરકે રહેમત, અર્શ પર, બુલવા લિયા ગફ્ફારને,
કસરે જન્નત કો બસાયા, તૈયેબી સરદાર ને.
હો ગઈ તારીક દુનિયા, છા ગઈ ગમ કી ઘટા,
શૌરો શયવન, આહો અફગાં કી હરએક અબ્રાર ને.
નામ થા તૈયેબ તેરા, વૈસા હી થા તેરા અમલ,
કૌમો મિલ્લત કો ઝિંઝોડા તેરે દિલ કે તાર ને.
કરકે નસ્સ હાતિમ ઝકી પર મજમએ ઈરફાન મેં,
કર દિયા રૌશન જહાઁ પર ઈસ તેરે ઈઝહાર ને.
માલિકે કૌનો મકાઁ ને કર દિયા હમસે જુદા,
કર લિયા જન્નત મેં મસ્કન કૌમ કે સરદારને.
દિન સનીચર, માહે શાઅબાં ઔર તારીખ પાઁચવી,
ક્યા સઆદત મૌત પાઈ કૌમ કે મુખ્તાર ને.
દીનો દુનિયા સાથ રખકર કૈસે ચલના ચાહીયે,
યે અમલ કરકે દિખાયા તૈયેબી કિરદાર ને.
ઉમ્ર અબ હાતિમ ઝકીયુદ્દીં કી અય રબ, તૂલ હો,
જાનશીં અપના બનાયા, તૈયેબી સરદારને.
શુક્ર "અલવી" સે અદા હો કિસ તરહ દાઈયે હક્ક,
શુક્ર કરના ભી સિખાયા, તૈયેબી સરદારને. ✫

**અંધેરી શબોં મેં કિરન દે ગયા,**
**ખયાલોં મેં એક બાગપન દે ગયા,**
**સદાકત સે જીનેકા ફન દે ગયા,**
**હમેં ઝિંદગી કી લગન દે ગયા,**
**હરએક શાખ પર ફૂલ ખિલતેં રહેં,**
**ચમન કો બહારે ચમન દે ગયા.**

**ઐબજોઈ કરવી તે બદબખ્તી છે.**

## ગુલ્દસ્તએ અકીદત

જેના રૂત્બા છે આઅલા ને બાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
નાઝથી હમને આકાએ પાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
ઈલ્મની પાક નહેરોં વહાવી,
મુમિનોંને ફરિશ્તા બનાવી,
લિખ્ખા દાઅવતના આઅલા રિસાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
રાત-દિન મૌલા કરતા ઈબાદત,
કે રહે તાઅબદ હક્કની દાઅવત,
કીધા મુમિનોં ના બોલ બાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
હર જગા પર સબક ને પઢાવી,
કઈક આઅલા કિતાબો શિખાવી,
સીના મુમિનના કીધા ઉજાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
શાનવાલા થા દાઈ હમારા,
અર્શના ઝિયાઉદ્દીન સિતારા,
બખ્શા રબએ થા મૌલા નિરાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
ઝિક્ર મૌલાની યાદ છે આવે,
તડપે દિલ છે અને છે રૂલાવે,
માહે શાઅબાં માં મૂકીને ચાલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા.
લુત્ફો એહસાન કિમ ભૂલે ઝાકિર,
ઝાત આપની તૈયેબો તાહિર,
રાત-દિન મેં જપું ગમની માલા,
આકા તૈયેબ આ દુનિયાથી ચાલા. ✩

## અય બાવાજી સાહેબ

દાઅવતના છો સિતારા, મુમિનના છો સહારા,
લો આપની રહેમતમાં, અય બાવાજી સાહેબ.
વારિસ છો ઈમામોના, જન્નતમાં સલામોના,
લઈજાવો તે જન્નતમાં, અય બાવાજી સાહેબ.
ઝારી કરે છે હરએક, અફલાકમાં મલાઈક,
દિલ મોમ છે રિક્કતમાં, અય બાવાજી સાહેબ.
મૌલા તમે હમારા, રહીએ હમે તમારા,
મૌત આવે તો ઉલ્ફતમાં, અય બાવાજી સાહેબ.
દિલમાં વસા હુવા છો, નઝરોં માં સમાયા છો,
હાઝિર છો આ ઝુમ્રામાં, અય બાવાજી સાહેબ.
ઈઝ્ઝત, ઈલ્મ ને અઝમત, ઝાહિર થઈ જલાલત,
દાઅવતની આ મુદ્દતમાં, અય બાવાજી સાહેબ.
ફિરદૌસના તોહફાઓ, નહેરોં ને બગીચાઓ,
છે આપની ખિદમતમાં, અય બાવાજી સાહેબ.
મુમિનને રૂલાવે છે, યાદ આપની આવે છે,
રાહત નથી ફુરકતમાં, અય બાવાજી સાહેબ.
નૂરાની હમને કીધા, પાકીઝા હમને કીધા,
નથી હમે ઝુલ્મતમાં, અય બાવાજી સાહેબ.
તૈયેબ ઝિયા સરવરની, તે દાઈએ અન્વરની,
સજદાઓ છે હઝરતમાં, અય બાવાજી સાહેબ.
કરજો કુબૂલ ઈલ્તેજા, કરજો તમામ મુદોઆ,
મુમિન રહે રાહતમાં, અય બાવાજી સાહેબ.
હાતિમ ઝકી મૌલાની, કર ઉમ્ર માં દરાઝી,
હર પલ રહે સેહ્હતમાં, અય બાવાજી સાહેબ.
છે અર્ઝ અય ખુદા તું, અન્વરને કર અતા તું,
લિખ્ખા કરૂં મિદહતમાં, અય બાવાજી સાહેબ. ✩

*જિસકી ખુશ્બૂ સે મહેક ઉઠતા થા સારા ગુલ્સિતાં,*
*કૌમે અલવી કે ચમન કા એક નિરાલા ફૂલ થા.*

*અમ્નો યકજેહતી કા જઝબા, જિસકે દિલ મેં થા નિહાં,*
*હર જગા સબકેલિયે તૈયેબ ઝિયા મકબૂલ થા.* ✩

**પોતાના ઐબોને દૂર કરવું તે અકલમંદીની પહેલી મંઝિલ છે.**

## ૨૭ માં દાઇએ મુત્લક
## સૈયદના બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) – કિસ્ત - ૩

૨૬ માં દાઈયુલ મુત્લક સૈયેદના બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. અજબશાહ (ક.રૂ.) ના ૨૭ ર.આખર ૯૯૭ હિ. ના દિન અહમદાબાદમાં ઈન્તેકાલ બાદ મુમેનીનમાં એક માતમનો શોર થયો. આહો બુકાની નિદા હર ઘર માંથી બલંદ થાવા લાગી. મુખ્તલિફ બિલાદ માંથી તેમજ ગામેગામથી મુમેનીન સૈ. બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) ને તાઅઝીયતનો પૈગામ આપવા જૌક-દર-જૌક, ગિરોહ-દર-ગિરોહ અહમદાબાદ આવવા લાગા. **આપ મૌલાની ઝિક્ર અને ખિદમતને યાદ કરીને મુમેનીન મુખ્લેસીનની આઁખોંથી આંસૂ જારી થાતા હતા.** સઘલા આપની કબર પર આવીને આપની ઝિયારતથી શરફયાબ થાતા હતા. સૈ. ઈબ્ને કુતુબશાહ મૌલાએ આલી દાઉદે સાનીએ સબર અને મરહેમતનો હુકમ કીધો. આપના ફરમાનથી દાઅવતે હાદીયહ શરીફહના આલિમોં અને શાયરોંએ સૈ. દાઉદે અવ્વલની રહેલત મુતઅલ્લિક અને એમના દરજા-ફઝીલત વાસ્તે મરસીયા બનાવા.

આ તમામ કલામમાં સૈ. દાઉદે અવ્વલે આપના યાવરો નાસિર સૈ. દાઉદે સાની પર કઈ તરહ નસ્સે જલી ફરમાવી, આપના બાદ દાઈ મુકરર્ર કીધા, યાઅની નાસ્સ (જે સાહેબ નસ્સ કરે) અને મન્સૂસ (જે સાહેબ ઉપર નસ્સ કરવામાં આવી હોય) એમ બેવે સાહેબોના ફઝાઈલ, કિરદાર અને નૂરાની ફૈઝ વાઝેહ કીધા, હકીકતને ખુલ્લી કરી દીધી. નસ્સે મુબીનનું બયાન અહલુદાઅવતના ફરઝંદોમાં ખૂબ સાફ તૌર પર ઝાહિર કરી દીધું. કાનૂનુદાઅવતે હાદીયહ એ છે કે, **એક દાઈ આ દુનિયાથી ન ગુઝરે મગર પોતાની જગા પર પોતાના હમરાઝ અને ઈઝઝો શરફના સાહેબને કાઈમ કરે, મન્સૂસ બનાવે.**

હરએક દાઈ જે ઈમામે હક્કના સતરમાં જાવા બાદ કાઈમ થયા તેની નસ્સના સુબૂત દાઅવતે હક્કના કિતાબોંમાં તે વક્તના દાઅવતના ખુદ્દામ અને રઝાકારો જે નસ્સના શાહિદો હતા, તેઓના કલામોંમાં અને મરસીયાઓમાં મૌજૂદ છે. ૫૩૨ હિ. થી હમણા તક દાઈએ હક્કની રઝાથી દાઅવતે શરીફહના ખઝાનામાં જેટલી કિતાબો અને નાના રિસાલા લખવામાં આવેલા છે, તેમાં નાસ્સ અને મન્સૂસની ઝિક્રે ખૈર છે જ. દાઅવતે હક્કના હરમના ઓલમાએ જે કઈ પોતાની કિતાબોમાં દરજ કીધેલું હોય અને તે ઝમાનમાં કોઈ મુદઈ, મુખાલિફ કે લઈન દાઈએ હક્ક સામે ઉઠે અને નસ્સના જૂઠા દાઅવા કરે તે વક્ત ઓલમાના બયાનો અને ઝિક્રો ગુઝરનાર દાઈ બાદ જે આવનાર દાઈ હોય તેની હક્કાનીયત વાસ્તે રોશન અને પુરતી દલીલ હોય છે.

સૈ. દાઉદે સાનીની નસ્સનો મુન્કિર થાનાર અને જૂઠો દાઅવો કરનાર શૈખ સુલૈમાનની બનાવટ અને ઈલ્ઝામ સામે સૈ. દાઉદે અવ્વલના ઝમાનના હુદૂદ અને ખિદમતગુઝારોંના બયાનો સૈ. દાઉદે સાનીની હક્કાનીયત વાસ્તે પૈશ કરવામાં આવા છે. તેમાં સૈ. અમીનજી બિન જલાલ સાહેબ અને સૈ. હસન બિન દાઉદ સાહેબના કસીદાઓ દાઅવતના રિસાલામાં મૌજૂદ છે. સૈ. દાઉદે સાનીએ પોતાના નાસ્સ વાસ્તે બીબીપૂરના કબ્રસ્તાનમાં ૪૦ દિન તક ખત્મુલ કુરઆનની મજલિસ મુન્અકિદ કીધી. તેમાં બેશુમાર મૌલાઈઓએ-હુદૂદે દાઈયુલ મુકદ્દસની ઝિક્રમાં મરસીયા અને કસીદા પઢા. ખત્મુલ કુરઆનની આ મજલિસમાં સૈ. દાઉદે સાની સદરે મજલિસ રહ્યા અને આપે મૌલાનલ મુકદ્દસની નિય્યત પર મુમેનીનને જમાડા અને ઈત્આમુત્તઆમની બરકતોં અતા ફરમાવી. ✫

---

**ઓઝલ હુવા હે જબસે વો ચહેરા બહાર સા, આલમ તમામ લગને લગા હે ગુબાર સા,**
**વો ક્યા ઉઠા યકીન ઝમાને સે ઉઠ ગયા, વો થા તો ઈસ જહાઁ પે થા કુછ એતેબાર સા.**
**ઉસસે મિલે બગૈર ન આતા થા દિલ કો ચૈન, રહેતા થા બસ હમારે લીયે બેકરાર સા,**
**કિસકો દિખાયે દાગ કહેં કિસસે હાલે દિલ, અબ કૌન ઈસ જહાઁ મેં હે ઈસ ગમગુસાર સા.**

**બીજાના ઐબો જોવા ખૂબ આસાન છે પણ પોતાના ઐબોનો એતેરાફ કરવો ખૂબ મુશ્કિલ છે.**

## સૈ. વ મૌ. ફખરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ની બયાની
## કુરઆને કરીમની ફઝીલતની કહાની

નમાઝે સુબ્હ પઢીને કુરઆનને પઢજો,
પછી રિઝ્કિના તલબ કરવામાં કદમ ધરજો.
કુરઆઁ પઢીને જે કોઈ દુકાનને ખોલે,
ખુદા તે લોગોની રોઝીના દરવાઝા ખોલે.
કુરઆન પઢવાથી આસાન મુશ્કિલોં થાસે,
કુરઆન પઢસે તે જન્નતની નેઅમતોં ખાસે.
કુરઆન પઢવું તે છે વાત કરવું અલ્લાહથી,
હરએક હરફમાં છે રહેમત ઉતરવું અલ્લાહથી.
ઘણા સવાબ મિલે છે કુરઆન પઢવામાં,
દરાઝી ઉમ્રની છે એના યાદ કરવામાં.
કુરઆન પઢવાથી રહેમત ખુદાની નાઝિલ થાય,
કુરઆઁ જે ભૂલે તે હક્કના ગઝબમાં દાખિલ થાય.
કુરઆન પઢનારા આઝાદ છે જહન્નમથી,
ખુલાસી આપસે કુરઆઁ મુસીબતો ગમ થી.
કુરઆન પઢસે તો માઁ-બાપ એના બખ્શાસે,
કુરઆન પઢસે એના હામી પંજતન થાસે.
કુરઆઁથી થાય છે ઈન્સાઁની હાજિતોં પૂરી,
કુરઆન પઢવું બનાવે છે નારીને નૂરી.
કુરઆન પઢસે તો આબાદ એના ઘર થાસે,
હસન-હુસૈનને સાથે એનો હશર થાસે. ✫

**સખાવત ઐબની ઝબાનને બંધ કરી દે છે.**

## કલામે તૈયેબી

મૈં હક્ક કા નૂર કેહ દૂં ઈન્કો યા હક્ક કી ઝિયા કેહ દૂં,
મેરે મૌલા કી સૂરત દેખકર સલ્લે અલા કેહ દૂં,
યે હૈં હમનામ હાતિમ કે જો દાઈ હૈં યમનવાલે,
મૈં ઈન્કો મિસ્લે હાતિમ ક્યૂં ન ફિર હાજિતરવાઁ કેહ દૂં.
----
તેરે દીદાર સે મૌલા મુઝે યે ફૈઝ મિલતા હે,
દોઆઓં સે તેરી મૌલા મેરા હર કામ બનતા હે,
તું હે નાઈબ મોહંમદ મુસ્તુફા કી આલે અત્હર કા,
ખુદા કે નૂર સે બેશક તેરા યે નૂર મિલતા હે. ✫

## તિજારત


યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઇસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live
Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

**M.M. GLASS**

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.


**જે ઝબાન બીજા પર અહેસાન કરશે તે કોઈ વક્ત બીજાના ઐબ નહી જાઈ.**


**મકાન વેચવાનું છે**

નામ : **ઈસ્માઈલભાઈ બદરૂદ્દીન સોરંગવાલા**
એડ્રેસ : સોરંગવાલા બિલ્ડીંગ, મરકઝે હુસૈની હોલની સામે,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૯૪૨૯૩૧૩૩૨૮. ✫


**જે શખ્સ બીજાની ખૈરની વાતને ઐબ સમઝે અને ખુદની ખરાબ વાતને ઐબ ન સમઝે, તો આ ઐબ તેને ઝરૂર જહન્નમમાં ઢકેલશે.**

**બીજાના ઐબો જોનાર ઝિંદગીમાં કામિયાબ થાતા નથી.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો – કિસ્ત - ૧૨

**ભલાઈ**

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) નેકી, ખૈર, હસનત, અહેસાન અને સવાબ કમાવવા વાસ્તે જિસ્માની-નફ્સાની જેહાદ કરવાની વસીયત આપના ફરઝંદોને કરે છે. આપ ફરમાવે છે કે, "અય મારા પ્યારા હસન અને હુસૈન! તમારા જિસ્મમાં જોશ હોય, તાકત-કૂવત હોય, ફરતો નશાત હોય તે વક્ત અને જો તમેં માયૂસ હોવ, જિસ્મમાં સૂસ્તી હોય, તબીઅતમાં કમ્ઝોરી હોય, નિય્યતમાં આમ-તેમ થવાતું હોય તે વક્ત, આ બેવે હાલતમાં તમેં અમલને ન છોડજો."

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, " **અલ-ઈમાનો અમલુન કુલ્લોહૂ.** " યાઅની, ઈમાન પૂરેપૂરૂં અમલ છે. અલ્લાહતઆલાએ કુરઆને હકીમમાં ઈમાન અને ઈમાન લાવનાર લોગો સાથે ખૈર આઅમાલને જોડી દીધા છે. ખૈર રહી જ ન શકે પણ ઈમાન સાથે. ખૈર ચીઝનો અસર અમલ સાથે તઅલ્લુક રાખે છે અને અમલનો સીધો ઈમાન સાથે તઅલ્લુક છે. ઈમાન ત્રણ ચીઝ પર છે. દિલથી સાચું માનવું, ઝબાનથી ઈકરાર કરવો અને જિસ્મના આઅઝાથી અમલ કરીને બતાવવું. તસ્દીકે કલ્બ અને ઈકરારે ઝબાનથી ઈમાન એટલું ઝાહિર થાતું નથી જેટલું અમલથી ઝાહિર થાય છે. મુમિનની ઝિંદગીનો મર્મ અને મતલબ જ અમલ છે. **જ્યાં ઈમાનની ઈન્તેહા છે ત્યાં અમલની ઈબ્તેદા છે અને જ્યાં અમલની ઈન્તેહા છે ત્યાં અલ્લાહતઆલાના સવાબની ઈબ્તેદા છે.**

અલ્લાહતઆલાએ ઈન્સાન પર કરમ કરીને એને ઈમાનથી નવાઝેલો છે, મુમિન કીધેલો છે. એ જ મુજબ મુમિન પર કરમ એવો થયો કે, એ ખૈરો ખૂબીથી ઈલ્મનો તલબગાર થયો અને અમલનો અદાકાર થયો. જેમ હર ઈન્સાન જિસ્માની આલમથી બંધાયેલો છે તેમ મુમિનને પણ અમલ કરવામાં એનું જિસ્મ આડ કરે છે. હર દિન મિઝાજ બદલાય છે અને મિઝાજ મુજબ નિય્યત બદલાય છે. મિઝાજમાં તબ્દીલી આવવાથી કોઈ વક્ત એ ગમગીન થાય છે તો કોઈ વક્ત ખુશ થાય છે. કોઈ વક્ત એને દીનદારી કરવાનો શૌક જાગે છે તો કોઈ વક્ત એ દુનિયાદારીની ચુંગલમાં ફસાય જાય છે. કોઈ વક્ત એ દોસ્તાના વહેવાર કરે છે તો કોઈ વક્ત એના સુલૂકમાં ખરાશ આવી જાય છે.

મગર મૌલાના અલી (અ.સ.) ના કલામે પુરનૂર પર હમેં નઝર કરીએ તો માઅલૂમ થાય છે કે, જે હમેં હર પલ જીવવા વાસ્તે સાઁસ લઈએ છીએ, પ્યાસ લાગે તો પાની પીએ છીએ, ભૂખ લાગે તો જમન જમીએ છીએ, તેના મિસિલ હમને હમારી રૂહાની સૂરતને કામિલ બનાવવા અને હમારા જાનને પાકો સાફ કરવા હર હાલમાં હર વક્તમાં અમલ કરવો પડશે. અમલ પણ કેવો કે જેથી હમારા દાઈ અને હમારા ખુદા તમામ રાઝી હોય. **એવો અમલ એક વરઝિશ રહી જાશે જેનો તઅલ્લુક ઈમાન સાથે નહીં હોય યા તેમાં રઝામંદીએ ખુદા શામિલ નહીં હોય.** યહાઁ તક કે, હાથ-પગ કપાયેલા હોય અને નમાઝને કાઈમ કરવાના અમલની નિય્યત દિલમાં હોય તો એ માઅઝૂર શખ્સનું ઈખ્લાસ સાથે ફક્ત બારગાહે રબ્બાનીમાં ઝુકવું એના નમાઝના અમલને દુરૂસ્ત બનાવે છે. આના બરઅકસ કોઈ સહીહો સાલિમ શખ્સ જેના હાથ-પગ સલામત હોય અને ફક્ત દેખાવ વાસ્તે નમાઝને કાઈમ કરે તો એનો આ અમલ મંઝિલે સવાબ તક પહોંચતો નથી. ✯

## ઝરૂરી એલાન

SSC, HSC અને Graduate, Post-Graduate : ૭૦% યા તેનાથી વધુ

કોઈ પણ Medium યા discipline માં ઝૈરે તાઅલીમ મુમેનીનના હોનહાર ફહીમ ફરઝંદો-દુખ્તરોના આ સાલ final examination માં ઉપર આપેલી માહિતી મુજબ Grade યા Marks આવા હોય એ તમામ વાલેદૈનથી હમારી ગુઝારિશ છે કે, શવ્વાલ મહીનાની ૫ થી ૧૫ તારીખ દરમિયાન પોતાના દીકરા-દીકરીનો નૂરાની લિબાસમાં પાસપોર્ટ સાઈઝ ફોટો અને Marksheet ની Xerox ૫૦/-રૂા. ના હદીયા સાથે Alavi Community Centre, બદરી મોહલ્લા મુકામે સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન જમા કરાવી જાય. ઈન્શાઅલ્લાહ મિશ્કાતુલ હાદીના આવતા શુમારા સાથે અપની વેબસાઈટ www.alavibohra.org પર Standardwise ફોટો શાયેઅ કરવામાં આવશે.

અપની કૌમી વેબસાઈટ પર ઘણા વક્તથી **"Shining Star"** નું કોલમ ચાલુ છે. Academic Qualification સિવાય પણ અપની જમાઅતના હોનહાર students, Extra-Curricular Activities યા કોઈ Specialized Course માં ગૈરમાઅમૂલી કામિયાબી હાસિલ કરતા હોય છે. આ અખ્બાર કે વેબસાઈટ એવા તમામ students ની હોંસલા-અફઝાઈ વાસ્તે તેમના Achievement ની ઝિક્રે ખૈર કરવાનો ઈરાદો રાખે છે. લેહાઝા, પૂરી details સાથે ઉપર મઝકૂર જગા પર આવી નામ દરજ કરાવી જાય યા તેઓ હમને email પર contact કરી શકે છે. **Email** : al_haadi@alavibohra.org. ✯

**ઈબ્લીસે, મૌ. આદમ (અ.સ.) ની ઐબજોઈ કીધી અને હમેશાને વાસ્તે લાઅનતી થયો.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૯

શરીઅતના પહેલૂથી નઝર કરીએ તો ઈખ્લાસ-નિય્યત અને અમલની પાકીઝગી સાથે ઈમાન-હક્કના સાહેબની ઉલ્ફતનો હર તરહથી ઈઝહાર કરવાનો, ખૂબ ગહેરો તઅલ્લુક છે. જે શખ્સમાં ઈખ્લાસ હશે તેમાં ઈમાન સલામત રહેશે અને જેમાં ઈમાન સલામત હશે તેની નઝરમાં, અમલમાં અને ઝબાનમાં ગરઝપરસ્તી અને હરામકારી નહીં હોય. લેહાઝા, જે શખ્સની આ મુજબની કૈફીયત હોય છે તેને **મુખ્લિસ મુમિન કહેવાય છે.**

કદીમ ઝમાનામાં એક ગુફામાં બે ભાઈ મલીહ અને સબીહ રહેતા હતા. ખૂબ ઈબાદતગુઝાર અને ખૌફે ખુદા રાખનાર હતા. એ હદ તક કે, મુસલસિલ ૮૦ સાલ તક ઈબાદતે ખુદા અને તેની તસ્બીહમાં મશ્ગૂલ રહ્યા. પછી એકે બીજા ભાઈને કહ્યું કે, "ભાઈ! અપને તને તન્હા આ સુનસાન ગુફામાં વરસોથી ઝિંદગી બસર કરીએ છીએ અને અપના સિવાય અપના આ અમલને કોઈ જાણતું નથી. યહાઁ કરીબમાં એક નાની આબાદી છે, તો ચલો જઈએ અને તે ગામના લોગોને ખુદાતઆલાની ઈબાદત તરફ દાઅવત દઈએ અને અપને હમણા તક જે કઈ અમલ કીધા છે તેની હિદાયત દઈએ. શાયદ કે, અપની આ મુખ્લેસાના ઈબાદત અને ખુદા પર યકીનના સબબ લોગોને કઈ ફાયદો પહોંચે અને અપની આ કોશિશથી ખુદા રાઝી થાય."

બેવે ભાઈઓ ગુફા-ગારથી નિકલા અને ગામમાં દાખિલ થયા. ચાલતા-ચાલતા ખૂબ થાકી ગયા હતા. એક ગલીના નુક્કડ પર દરખ્તના સાયામાં બેસી ગયા. એક શખ્સ ત્યાંથી ગુઝરી રહ્યો હતો. જેના માથા પર સુકી લાકડીઓનો ગઠ્ઠો હતો અને ખૂબ તકલીફ બરદાશ્ત કરીને જઈ રહ્યો હતો. ભાઈઓએ તેને બોલાવો અને કહ્યું કે, અય શખ્સ! તમેં હમારા સાથે થોડો વક્ત ગુઝારો, હમારા સાથે જમો, તમારી થકાણ શાયદ દૂર થઈ જાશે. તે શખ્સ સાથે બેસો અને તેઓ આપસમાં ગુફતગૂ કરવા લાગા. ભાઈઓને થયું કે, **અપને જે મકસદથી આ ગામમાં આવા છે તેની ઈબ્તેદા આ શખ્સથી કરીએ.** બેવેએ પૂછ્યું કે, ભાઈ! તમારો રબ કોણ છે? શું તે રબ તમારા પર રહેમત કરે છે? શું તે તમારી હાજિતોંને પૂરી કરે છે? આ મુજબના સવાલો કરતા-કરતા તે શખ્સ પર મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) નું દીન પૈશ કીધું.

તે શખ્સ આ બધી બયાની સાંભલીને ખૂબ બેકરાર બની ગયો અને પોતાના સાથે જે લાકડીનો ગઠ્ઠો હતો તેને દૂર ફેંકી દીધો. એક દમ જ જોશમાં આવીને કહેવા લાગો કે, "અય ખુદાના બંદાઓ! મને ખૂબ ખબર છે કે મારો રબ કોન છે, તે શું કરે છે અને તેની ઝાતને મેં પૂરી તરહ પહેચાનું છું. મગર તમેં મને બતાવો કે, ઈખ્લાસની હકીકત શું છે? ઈમાન કઈ જગા પર છે? તમેં જે વરસોથી તમારા ખુદાની ઈબાદત કરો છો તેના પર તમારૂં યકીન કેટલું છે? શું તમેં જે ઈખ્લાસની ઈબાદત કરો છો તે તમારો રબ કબૂલ કરે છે કે રદ કરી દે છે?" મલીહે પોતાના ભાઈ સબીહ તરફ જોઈને કહ્યું કે, ભાઈ! શું તારા નઝદીક આ શખ્સના સવાલોંનો જવાબ છે? **બેવે એકબીજાનો ચહેરો જોતા રહ્યા અને આખિરકાર કહ્યું કે, ભાઈ! હમારા પાસે કોઈ જવાબ નથી.**

પછી તે શખ્સ પોતાની જગા પરથી ઊભો થયો. તે બાદ જે લાકડીઓ છૂટી પડી ગઈ હતી તેને એકઠી કીધી અને પોતાના સામે મુકીને બે હાથ આસમાન તરફ ઊંચા કરીને દોઆ કીધી કે, "અય મારા રબ! અય મારા ખુદા! તારા એવા પણ બંદાઓ છે કે, અગર તે તુંને સવાલ કરે કે આ લાકડીઓનું સોનું બનાવી દે તો તું ઝરૂર, તેના સવાલને પૂરો કરવા એવું કરી શકે છે. અય મારા ખાલિક! આ તારો ગરીબ બંદો તારા પર બેહદ યકીન રાખે છે અને આ લાકડીઓ સિવાય તારા તરફ પહોંચવાની આ તારા બંદા પાસે બીજી કોઈ ચીઝ નથી."

તે શખ્સની દોઆ પૂરી થઈ કે, ફૌરન તે લાકડીઓ સોનું બની ગઈ. બેવે ભાઈઓ હેરાનીના દરિયામાં ગરકાવ થઈ ગયા અને સોચવા લાગા કે, આ શખ્સની દોઆની તાસીર આગલ હમારી ૮૦ સાલની ઈબાદતની કોઈ જ બરાબરી નથી. આ શખ્સના ઈખ્લાસ આગલ હમારી પરહેઝગારીની શું ગિન્તી! તે શખ્સે કહ્યું કે, **" આ છે મારો રબ અને આ તરહ છે મારા રબ પર મને યકીન. "** તેએ પાછી દોઆ કીધી કે, "અય મારા રબ! તારા એવા બંદાઓ પણ છે જે એમ ચાહે છે કે, મહેનત-મશક્કત કરીને પોતાના હાથોંથી તારા કરમના સબબ હલાલ રોઝીને તલબ કરે. તે રોઝીથી જમે, પીએ, પહેરે અને એક છતના નીચે પોતાનો ગુઝર-બસર કરે. હરામનો એક લુકમો પેટમાં ન નાંખે, તો હવે તે બંદો તુંને સવાલ કરે છે કે, તું સોનાની લાકડીઓને

(બકીયાહ પેજ નં. ૧૦પર)

**જે મુનાફિક હશે તેને સાચી ચીઝ પણ ઐબ નઝર આવશે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૮

### -::: કેયામતની નિશાનીઓ :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલા કુરઆને કરીમમાં કેયામતના ઈલ્મ વાસ્તે બયાન કરે છે કે, **ઈન્નલ્લાહા ઈન્દહૂ ઈલ્મુસ્સાઅહ**, યાઅની, ઝરૂર અલ્લાહતઆલાને નઝદીક જ કેયામતનું ઈલ્મ છે. કેયામત ક્યારે અને કઈ તરહ આવશે તે અલ્લાહ જ જાણે છે. મગર કેયામત આવતા પહેલા તેની નિશાનીઓ આ દુનિયામાં ઝાહિર થાશે. તે નિશાનીઓ નાઈન્સાફી તેમજ જૌરો જફાથી ભરેલી હશે. જેમ વરસાદ આવતા પહેલા ફિઝા અને મૌસમમાં તબ્દીલી આવે છે અને વરસાદ આવવાની નિશાનીઓ આ જહાનમાં ઝાહિર થાશે અને તેના સબબ લોગો ઝુલ્મના ભયાનક રસ્તા પર જઈ ચઢશે.

નબી સાહેબ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"લોગો શરીઅતને મન-ફાવતી ચીઝ બનાવી લેશે. મુન્કર ચીઝને માઅરૂફ અને માઅરૂફ ચીઝને મુન્કર બનાવી લેશે."** અહલુલ બૈત (અ.સ.) ની અદાવત જેઓના દિલોંમાં ભરેલી હતી અને જેઓએ દીને હક્કને છોડીને બિદઅતોંથી ભરેલા પોતાના દીનની બુનિયાદ નાંખી તે શામના ઊમ્વી ખલીફાઓ હતા. તેઓએ ઈસ્લામને રમતબાઝીની ચીઝ બનાવી લીધી. દીને હક્કમાં જે ચીઝ હરામ હતી અને મૌ. અલી અને આપની આલે અત્હર (અ.સ.) ના દુશ્મનોં જે શામની ગાદી પર બેસેલા હતા, તેઓને તે હરામ ચીઝ પસંદ આવી તો તેને હલાલ કરી દેવામાં આવી. એ જ મુજબ શરીઅતમાં જે જાઈઝ અને હલાલ ચીઝ પર અમલ કરવામાં તેઓ અને તેઓના દુનિયાપરસ્ત સાથીદારોને અઘરૂં અને મુશ્કિલ લાગું તેને હરામ કરી દેવામાં આવી. શરીઅતના અહકામમાં ખેલબાઝી કરવામાં આવી. આ મુજબ ઝમાનો ગુઝરતા શર કામોંનું બયાન કિતાબો અને દિલોંમાં કૈદ થાતું રહ્યું અને પછીથી આવનાર લોગો આ બિદઅતોંને જ સહી દીન માનતા થઈ ગયા.

મગર અપના અઈમ્મતે તાહેરીન ફાતેમીયીન (અ.સ.) આ તમામ બિદઅતોંથી ખબરદાર અને આશ્ના હતા. સાથે સાથે આ અઈમ્મતે હક્ક રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના ઈલ્મો અમલના વારિસ હતા. આપના હાથમાં દીને હક્કની લુગામ હતી અને આપના બાદ આપના દોઆત પણ એવા તૈયાર થયા કે, જે ચીઝ આજે માઅરૂફ છે યા મુન્કર છે તે ચીઝ વાસ્તે ૧૪૦૦ સાલ પહેલા પણ એ જ હુકમ હતો, તેના બયાનો કરીને મુમેનીનને સચ્ચાઈથી આગાહ કીધા. આજે પણ દોઆતે હક્ક પોતાની ઝિમ્મેદારી નિભાવી રહ્યા છે અને હક્કના દીનને બિદઅતોંના હમલાથી સાચવી રહ્યા છે.

મિસાલના તૌર પર અલ્લાહતઆલાના ફરમાનથી લોગોના બયઅત લેવાની સુન્નત અને મૌ. અલીને કાઈમ કરવાની હક્કની નિશાનીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઝાહિર કીધી. નબી સાહેબના ઈન્તેકાલ બાદ મૌ. અલીની બયઅતને મુકી દેનાર લોગોમાં પણ બયઅત લેવાનું જારી રહ્યું. યહાઁ તક કે અહલુલ બૈત (અ.સ.) ને તે વાસ્તે મજબૂર કરવામાં આવા. વક્ત ગુઝરતા જે વક્ત આ અહલે શર ના સરોં પર કોઈ સરદાર ન રહ્યો તો બયઅત લેવાની સુન્નત તેઓ વાસ્તે મુન્કર બની ગઈ અને તેઓના અકીદા માંથી આ સુન્નતે ખાસ્સહ ખત્મ થઈ ગઈ.✯

---

(પેજ નં. ૯ નું બાકી)

પાછી તેની અસલી હાલત પર તબ્દીલ કરી દે અને તારી કુદરત ઘણી અઝીમ છે, આ ગુનાહગારની દોઆના કલામ ઘણા કમ્ઝોર છે, તું મારી દોઆ અને સવાલને પૂરો કરી શકે છે."

આ દોઆ પૂરી થઈ કે, તે સોનાની લાકડીઓ અસલી હાલતમાં આવી ગઈ. પછી તે બંદએ ખુદાએ પોતાના સર પર લાકડીઓનો ગઠ્ઠો મુકો અને રવાના થાતા થાતા મલીહ-સબીહ બે ભાઈઓને કહ્યું કે, "અય ખૌફે ખુદા રાખનાર બંદાઓ! તમેં જે દીનની દાઅવત વાસ્તે નિકલેલા છો તે ઘણું જ ભારી કામ છે. તે પહેલા તમેં જ્યાં ઈબાદત કરતા હતા ત્યાં જાવ અને નિય્યતમાં ખુલૂસને પૈદા કરો. **ખુદાતઆલાને નઝદીક તમેં કેટલા સાલ ઈબાદત કીધી છે તે અહમ નથી પણ ઈખ્લાસ-યકીન સાથે તમેં મુખ્તસરમાં મુખ્તસર ઈબાદત કીધી હશે તે ખુદાની નઝરમાં કાબિલે કુબૂલ છે.** અય ભાઈઓ! તમેં ખુદાની બારગાહથી મગફેરત તલબ કરો અને પહેલા પોતાની ઝાત વાસ્તે ભલાઈ ચાહો. કેમકે મને લાગે છે કે, તમારા દિલમાં ગુરૂર છે અને તમને તમારી ઈબાદત પર ફખર છે, ઘમંડ છે. મગફેરત ચાહીને પહેલા તમેં તમારી ઝાતને પાક કરીને તેમાંથી ગુરૂરને ઉખાડી ફેંકો. પછી તમેં જોવ કે તમારી હર કોશિશમાં તમારો રબ તમને કેવી યારી દે છે અને તમને કેવા દરજા અતા કરે છે." ✯

**મુમિન એ છે કે જે જગા પર બીજાના ઐબની વાત થાતી હશે ત્યાંથી ચાલો જાશે.**

# મુબારકબાદ

તરબીયતે ઔલાદ, વાલેદૈનની એક શરઈ અને મઆશેરતી ફરઝ છે. ઔલાદની આઅલા તાઅલીમો તરબીયત મુસ્તકબિલના ઝમાનમાં જમાઅતની ફલાહો બહેબૂદી અને આબાદીની નિશાની છે. તેથી ખુશા-નસીબ તે વાલેદૈનના કે, અલ્લાહતઆલાએ તેઓને એવી નેક ઔલાદ આપી કે, જેએ મહેનતો મશક્કતથી તાઅલીમ હાસિલ કરીને જમાઅતમાં વાલેદૈનના નામને રૌશન કીધું. સાહબે દાઅવત, **મિશ્કાતુલ હાદી** દીની અખ્બારનો ઈદારો હમારા તાઅલીમી ફલકના ચમકતા સિતારાઓને મુબારકબાદી પૈશ કરે છે.

## ધોરણ - ૧



ધોલકાવાલા કાસીમઅલી એચ.
85.33%



સાલમપાકવાલા ફાતેમા એ.
A

## ધોરણ - ૩



કાચવાલા રાશેદા એચ.
93%



મેવલીવાલા ફાતેમા આઇ.
91%



પરચીગર અમાનઅલી એફ.
A

## ધોરણ - ૪



ગાંધી કલ્બેઅબ્બાસ જે.
90.16%

## ધોરણ - ૪



ગોદીવાલા સાઝીયા આર.
90%



અત્તરવાલા કુલસુમ ઓ.
83%



કાંટાવાલા અઝરા ટી.
83%

## ધોરણ - ૫



ધોલકાવાલા મોહસીના એચ.
84%

## ધોરણ - ૬



લોખંડવાલા અઝરા આઇ.
89.33%



ઝાંપાવાલા સકીના એ.
85%

## ધોરણ - ૬



સોરંગવાલા અલેફીયા એ.
83.33%

## ધોરણ - ૭



મેવલીવાલા મોઅઝ્ઝમા આઇ.
95.2%



ગાંધી ફાએઝા જે.
88.16%



કાચવાલા અલેફીયા એચ.
84.46%



ચશ્માવાલા મેહલેકા એમ.
83%

## ધોરણ - ૮



સમલાયાવાલા ફાતેમા એમ.
89.9%

## ધોરણ - ૮



મોલવી આમીરઅલી એ.
81.5%



લોખંડવાલા ઝૈનબ એચ.
81%

## ધોરણ - ૯



કેનવાલા શરફઅલી એ.
86%

**મુબારક હો મુબારક કામિયાબી,**
**હુઈ હાસિલ તુમ્હેં યે સરફરાઝી,**
**દોઆ દાઈ કી મહેનત હે તુમ્હારી,**
**અતા હો તુમકો હર નેઅમત ખુદા કી,**
**કરો તુમ ખૈર સે રાઝી ખુદા કો,**
**અલી કો ફાતેમા કો મુસ્તફા કો.**

જે શખ્સ પોતાના ઐબને દૂર કરવામાં મશ્ગૂલ રહેશે તેના દરજાને ખુદા બલંદ કરશે.

# ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ
## ઈમામત　કિસ્ત-૧૦

પાઁચમાં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી બયાન મન્કૂલ છે કે, "જે વક્ત ઈમામતની નમાઝ પઢાવવાનો સવાલ થાય તો તમારા માંથી જેએ તમામ કરતા પહેલા હિજરત કીધી હોય તે ઈમામતની નમાઝ પઢાવવા વાસ્તે ઝિયાદહ હક્કદાર છે."

દૌરૂસ્સતરના પહેલા નબી આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી લઈને આજના વક્ત તક અહલે ઈમાનના આઅમાલ અને અકીદાઓની હિફાઝત વાસ્તે હર સાહેબે હક્કએ પોતાનું વતને માદર છોડીને હિજરત કીધેલી છે. આસ્માની-સુલ્તાની આફત અને કહેર, દુશ્મનોંનો ગલબો અને મુમેનીનની ફલાહો બહેબૂદી વાસ્તે દાઈએ હક્કએ પોતાની દારૂલ હિજરત બનાવેલી છે. રસૂલુલ્લાહ બાવાજીએ આપના ઝમાનમાં હિજરત ફરમાવી અને મદીનતુલ મુનવ્વરહને આપનું દારૂલ હિજરત બનાવું, મસ્જિદ બનાવી અને **તેમાં આપ જ પહેલા હતા જેએ નમાઝીઓના ઈમામ બનીને નમાઝ પઢાવી.** આપની રઝાથી મદીનામાં બીજી મસ્જિદોં તાઅમીર થાતી ગઈ અને આપ તેમાં નમાઝ પઢાવવા વાસ્તે આપના અસ્હાબ માંથી ઈમામતની નમાઝ પઢાવવા વાસ્તે રઝા ઈનાયત કરતા રહ્યા. રસૂલુલ્લાહ બાવાજીની આ જ સુન્નત પર અઈમ્મતે તાહેરીન (અ.સ.) ચાલા અને જે જે જગાઓ પર ઈમામોંએ દારૂલ હિજરત બનાવી ત્યાં પહેલે મસ્જિદ તાઅમીર કરીને મુમેનીનને ઈમામતની નમાઝ પઢાવી.

૩૨ માં દાઈયુલ મુત્લક સૈયેદના જીવાભાઈ ઝિયાઉદ્દીન બિન સૈયેદી નૂહજી સાહેબ (આ.કુ.), આપને કાઈમ કરનાર ૩૧ માં દાઈયુલ મુત્લક સૈ. બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ની વસીયત પર અમલ કરીને ૧૧૧૦ હિ. માં અહમદાબાદ થી વડોદરા હિજરત કરીને પધારા તે વક્ત વડોદરામાં અપની ઘણી જ મુખ્તસર જમાઅત હતી, કમ મુમેનીન હતા. આપના ફરમાનને ઉચકીને મુમેનીન આહિસ્તા-આહિસ્તા વડોદરા તરફ હિજરત કરતા ગયા. યહાઁ આપ મૌલાને **શીઆ મહેમૂદમીયાઁ પાસેથી જે વાડી હદીયામાં મિલી હતી, તે જગામાં આપે પહેલા મસ્જિદ તાઅમીર કીધી**, નમાઝ પઢવાનો સરંજામ કીધો, અલ્લાહતઆલાની ઈબાદતનું ઘર બનાવા બાદ આપે મુમેનીનને તેના અત્રાફમાં એક મોહલ્લાની શકલ આપી વસાવા. તે મોહલ્લાનું નામ આપે સૈ. બદરૂદ્દીન સાહેબના નામ પરથી બદરી મોહલ્લા રાખું.

અહમદાબાદથી હિજરત કરવામાં આપ મૌલા પહેલા હતા, આપ દાઈયુલ્લાહ હતા, આપ સૈ. અલી શહીદે આઅઝમ (આ.કુ.) ના વારિસ હતા, આપ સજદા અને મસ્જિદના મસ્સૂલ હતા, આપ નાઈબે ઈમામુઝ્ઝમાન (અ.સ.) હતા. લેહાઝા આપ મૌલાએ બદરી મોહલ્લાની આ મસ્જિદે ઝિયાઈમાં ૧૧૩૦ હિ. તક નમાઝ પઢાવી. **આજ મસ્જિદ ૧૩૮૮ હિ. તક સૈયેદના યૂસુફ નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.) ૪૩ માં દાઈયુલ મુત્લક તક મુમેનીનની ઈબાદતોં અને દોઆઓનું મરકઝ રહી.** ઈમામતની નમાઝના લેહાઝથી આ બાબરકત જગા તે છે જ્યાં ૩૨ માં દાઈથી આજ તક ૪૪ માં દાઈયુલ મુત્લક અલ-મૌલા અલ-મુકદ્દસ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના ઈન્તેકાલ પુર મલાલ તક ૧૨ દોઆતે અલવીયીન મુમેનીનને નમાઝની તવલ્લી કરાવી ગયા છે. હર દાઈએ હક્ક હિજરતમાં પહેલા હોય છે અને મુમેનીનની હર નમાઝના રાસ અને રઈસ હોય છે. આપ જે ઝમીનને મુમેનીન વાસ્તે બહેતર માને તે ઝમીનમાં મુમેનીન ફલાહો બહેબૂદ થાય છે. દાઈએ હક્કની મૌજૂદગી અને ઈબાદતના એહતેમામથી મુમેનીનનું ઈમાન અને નમાઝે ઈમામતની આદત હર વક્ત તાઝા અને કાઈમ રહે છે. ✯

## કસીદહ ઝિયાઈયહ

ક્યા હે ફઝલ દોઆતોં મેં આલી મકામ કા,
મિસ્લે બદર હે રૂત્બા યે આલી મકામ કા.
જો ભી મુરાદ લે કે યહાઁ આયા એક બાર,
શૈદાઈ ફિર વો હો ગયા આલી મકામ કા.
મિલતા હે ચૈન આકે યહીં દર પે જાન લો,
મિસ્લે જિનાઁ હે રોઝા યે આલી મકામ કા.
તસ્લીમ કરતે આતેં હૈં ફરિશ્તે ઝુકાએ સર,
હે નફ્સે કુલ કા મરતબા આલી મકામ કા.
તસ્બીહ વો કરેગા અકીદત સે રાત-દિન,
જો હો ચુકા હો દિલ સે યે આલી મકામ કા.
ખિદમત મેં ઈન્કી રહેતેં હૈં જિન્નો મલક મુદામ,
મિસ્લે ખુદા હે હુકમ યે આલી મકામ કા.
હલ્લાલે મુશ્કેલાત હો મૌલા મદદ કરો,
જાએ કહાઁ ગુલામ યે આલી મકામ કા.
દીજે શિફા મરીઝ જો દર પર ખડે હૈં આજ,
બસ હે ફકત ઈક આસરા આલી મકામ કા.
જન્નત મેં જાઉંગા મૈં યકીનન યકીન હે,
દામન હે હાથ મેં મેરે આલી મકામ કા. ✯

**દીને હક્કને તરછોડીને ચાલું જાવું તેના જેવો ઐબદાર કોઈ શખ્સ નથી.**

## મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) અને આપના બૈરો – કિસ્ત - ૧

મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) આપના ફરઝંદે બાજમાલ મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) અને આપના બૈરો મૌ. હાજરહ (અ.સ.) ને હિજાઝની ઝમીનમાં કાઅબતુલ્લાહના હરમમાં મુકીને ફલસતીન રવાના થયા હતા અને તે બાદ મૌ. હાજરહએ ખૂબ મહેનત-મશક્કતથી મૌ. ઈસ્માઈલની પરવરિશ કીધી હતી. મૌ. ઈસ્માઈલ મોટા થયા યહાઁ તક કે, મંઝિલે શબાબ પર પહોંચ્યા. તે વક્ત જુરહમ કબીલાના એક બૈરોથી શાદી કીધી અને તે લોગોની ઝબાન પણ શીખા જે અરબી હતી. આપે અરબી પર કમાલ દરજાની મહારત હાસિલ કીધી અને આપના બાદ આપના ફરઝંદો પણ અરબી ઝબાન જ બોલા.

રિવાયતમાં છે કે મૌ. ઈબ્રાહીમ જે શામના મુલ્કમાં પોતાના બીજા બૈરો મૌ. સાર્રહ સાથે રહેતા હતા, એમ ઈરાદો કીધો કે મૌ. હાજરહ અને મૌ. ઈસ્માઈલથી મક્કતુલ મુકર્રમહમાં મુલાકાત વાસ્તે જાય. મૌ. સાર્રહથી આપે ઈજાઝત માંગી તો એક શર્ત પર ઈજાઝત આપી કે, અય મારા ખાવંદ! આપ ભલે વહાઁ જાવ મગર ઊભા-ઊભા મિલીને પાછા આવી જાજો. **ત્યાં ઘરમાં ઠહેરજો ના.** એમ પણ બયાન છે કે, મુલ્કે શામથી મૌ. ઈબ્રાહીમ બર્રાક જેમ મક્કા શહેરમાં આવી પહોંચ્યા. જેમ બર્રાકે રસૂલુલ્લાહ બાવાજીને એક પલક-ઝપકમાં મક્કાથી બયતુલ મુકદસ પહોંચાવી દીધા હતા એ જ કૈફીયતથી મૌ. ઈબ્રાહીમ વાસ્તે પણ બનું.

મક્કામાં મૌ. ઈબ્રાહીમ આપના દીકરા મૌ. ઈસ્માઈલના ઘર પર ગયા, દસ્તક દીધી અને પૂછ્યું કે, "શું આ મૌ. ઈસ્માઈલનું ઘર છે?" એક બૈરો નિકલા અને પડદા પાછલથી કહ્યું કે, હાઁ! તમને શું હાજિત છે? મૌ. ઈબ્રાહીમે કહ્યું કે, લાગે છે કે તમેં એના બૈરો છો, તમારા સાહેબ કહાઁ છે? બૈરોએ જવાબ દીધો કે, **"બાહર શિકાર કરવા ગયા છે."** મૌ. ઈસ્માઈલની આદત હતી કે, હરમની હદના બાહર નિકલીને શિકાર કરે. આપ તીરઅંદાઝીમાં, ઘોડેસવારીમાં અને કિશ્તીબાઝીમાં ખૂબ તેઝ, હુશિયાર અને પાકા હતા. તે બાદ મૌ. ઈબ્રાહીમે મૌ. ઈસ્માઈલના બૈરોને કહ્યું કે, ભલા! તમારા નઝદીક મહેમાન વાસ્તે જમન યા પાની મૌજૂદ છે? તે બૈરોએ હિમાકત-ભરો જવાબ આપો કે, મારા નઝદીક જમન-પાનીની કોઈ ચીઝ હાઝિર નથી અને કોઈ એવો શખ્સ પણ મારા પાસે નથી કે જે મહેમાનદારી કરે. મૌ. ઈબ્રાહીમે ફરમાવું કે, અય બૈરો! તમેં શાયદ મને પહેચાનતા નથી અને એક નબીઝાદાના ઘરના આદાબથી તમેં વાકિફ નથી. ખૈર! તમારા મરદ જે વક્ત આવે તો મારો સલામ એમને પહોંચાવજો અને કહેજો કે, પોતાના દરવાઝાના અમ્રાને ફિરાવે. યહાઁ દરવાઝાના અમ્રાને ફિરાવવાનો મતલબ એ છે કે, એવા બૈરોને ઘરની લુગામ ન સોંપજો જે મહેમાનોંની બેઈઝ્ઝતી કરે અને ઘર પર આવનાર કોણ છે એને ન પહેચાને.

આટલું કહીને મૌ. ઈબ્રાહીમ ત્યાંથી ચાલા ગયા અને થોડી જ વારમાં મૌ. ઈસ્માઈલ શિકાર કરીને પધારા અને ઘરમાં દાખિલ થાતા જ પોતાના બાવાજીની ખુશ્બૂ એમને આવી. બૈરોને બોલાવીને પૂછ્યું કે, મારા આવા પહેલા મારી ગૈરહાઝરીમાં કોઈ આવું હતું? બૈરોએ તે વાતને હઁસી કાઢી અને મસ્ખરી કરતા કહ્યું કે, હાઁ, એક શૈખ આવા હતા, આ મુજબના ચહેરાવાલા અને આ મુજબ એનો હુલ્યો અને લિબાસ હતો. મૌ. ઈસ્માઈલ પૂછે છે કે, તે શૈખ તુંને શું કહી ગયા? બૈરોએ કહ્યું કે, એમ કહી ગયા છે કે, **"તમારા મરદ આવે તો એને મારો સલામ પહોંચાવજો અને કહેજો કે દરવાઝાના અમ્રાને ફિરાવી નાંખે."** પોતાના બાવાજીના આ કલામને સાંભલતા જ મૌ. ઈસ્માઈલ ખૂબ ગમનાક થયા, બૈરોને એની ખતા બતાવી, મહેમાનની હુરમત અને મહેમાનદારીની એહમીયત સમઝાવી અને તલાક આપી દીધી. ☆

## ચાદરે અશ્આર

નિકલા જનાઝા દેવડી મુબારક સે જિસ ઘડી,<br>
જિસને ભી દેખા આઁખ સે આંસૂ બહા ગયા.<br>
ચલતે થે સાથ રોતે થે હાતિમ ઝકીયુદ્દીં,<br>
બેટે સે બાપ કા નહીં સદમા સહા ગયા.<br>
મસ્જિદ કે પાસ પહોંચા જનાઝા જો આપ કા,<br>
આઁખોં મેં કરબલા કા વો મંઝર સમા ગયા.<br>
રખકર લહદ મેં કહેતેં થે આકા ઝકીયુદ્દીં,<br>
હૈ હૈ ઝમીં મેં ઈલ્મ કા દરિયા સમા ગયા.<br>
અલવી કો અય ઝિયા તેરી ઈમ્દાદ થી ઝરૂર,<br>
જો મરસીયા, સલામ ઔર નૌહા પઢા ગયા. ☆

**દીનદારી બૈબદારીને મિટાવી દે છે.**

## સૈયદનલ મુકદ્દસ ફરમાવે છે કે,

✳ દુનિયાની તમામ ચીઝોં તમારા હાથ માંથી ચાલી જાય તો ગમ ન કરજો, પણ અય મુમેનીન! તમારા હાથ માંથી તમારૂં ઈમાન અને અકીદો ન જાવો જોઈએ.

✳ મુમેનીન! તમેં દુનિયાના કોઈપણ કોના પર જાવ, તમેં તમારી પહેચાન, શનાખ્ત અને અલવીયતને કાઈમ રાખજો, બરકરાર રાખજો.

✳ મુમેનીન! દુનિયામાં મઆશ વાસ્તે, ઝિંદગી બસર કરવા વાસ્તે તમેં કોઈપણ મઝહબના લોગો સાથે રિશ્તો રાખો પણ દીનનો રિશ્તો ન રાખજો.

✳ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, સખી શખ્સને અલ્લાહ ખૂબ ચાહે છે પણ બખીલ શખ્સથી અલ્લાહ નારાઝ રહે છે. તો, મુમેનીન! તમેં સખાવત કરા કરજો.

✳ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર મૌલાના અલી (અ.સ.) વાસ્તે જહાઁ તક વલાયતનો રૂક્ન ન આવો, વહાઁ તક દીને ઈસ્લામ કામિલ ન થયું. વલાયતની ફરીઝત શરીઅતના બીજા તમામ અહકામ કરતા અહમ છે, અને આ જ મુમેનીન વાસ્તે આખેરતની કામિયાબી છે. ✩

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર ચાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✩

## તહેનીયતે ઈદુલ ફિતર

શહરે રમઝાનુલ મોઅઝ્ઝમ કા ખિતામ,
ઔર હુઈ મૌસમ ઈબાદત કી તમામ.
હે બશારત રૌઝાદારોં કે લિયે,
હો મુબારક આ ગઈ ઈદુસ્સિયામ.
હે હિલાલે ઈદ કી રૂઅયત મેં રાઝ,
હે હિલાલ ઉસ માહે તાબિંદા કા નામ.
જો કે હે દાઈ ઈમામુલ અસ્ર કે,
શાહ હાતિમ ઝકીયુદ્દીં આલી મકામ.
દર હકીકત ઈદ ઉનકી દીદ હે,
હે ઈસી રૂઅયત કા લાઝિમ એહતેમામ.
ઈદે અકબર હે યહીં અય મોહતરમ,
તહેનીયત પર ખત્મ કરતા હૂં કલામ.
શાહે દીં કો હો મુબારક ઈદ ઔર,
આપ કો ભી હો મુબારક વસ્સલામ. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** **મિશ્કાતુલ-હાદીના** માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★